## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
## જાહેર વિજ્ઞપ્તિ

**નીચેના સંદર્ભમાં**

ઉપરોક્ત અરજદાર **ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફીસ, વિસનગર રોડ, **મહેસાણા**–૩૮૪૦૦૧, દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વીજ અધિનિયમ –૨૦૦૩ ની કલમ ૬૨ હેઠળ વર્ષ ૨૦૦૯–૧૦ ની કામગીરી વાર્ષિક સમીક્ષા અને વર્ષ ૨૦૧૦–૧૧ માટે હયાત વીજ દર ચાલુ રાખવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખું) જાહેરનામું ૧/૨૦૦૭, નામદાર આયોગ દ્વારા વખતો વખત આપવામાં આવેલ સબંધીત માર્ગદર્શન અને દિશા સૂચનો અને વીજ અધિનિયમ–૨૦૦૩ ના પાર્ટ ૭ (કલમ ૬૧ થી ૬૪) જોગવાઈ હેઠળ કરેલ છે.

**અરજદાર**

ઉપરોક્ત અરજદાર **ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફીસ, વિસનગર રોડ, **મહેસાણા** –૩૮૪૦૦૧, દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વીજ અધિનિયમ –૨૦૦૩ ની કલમ ૬૨ હેઠળ વર્ષ ૨૦૦૯–૧૦ ની કામગીરી વાર્ષિક સમીક્ષા અને વર્ષ ૨૦૧૦–૧૧ માટે હયાત વીજ દર ચાલુ રાખવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખું) જાહેરનામું ૧/૨૦૦૭, નામદાર આયોગ દ્વારા વખતો વખત આપવામાં આવેલ સબંધીત માર્ગદર્શન અને દિશા સૂચનો અને વીજ અધિનિયમ–૨૦૦૩ ના પાર્ટ ૭ (કલમ ૬૧ થી ૬૪) જોગવાઈ હેઠળ કરેલ છે. દરખાસ્ત નંબર **૯૯૨/૨૦૧૦** થી નોંધાયેલ છે. યુજીવીસીએલ દ્વારા કોઈ ભાવવધારો સૂચવેલ નથી, માત્ર ફયુઅલ એન્ડ પાવર પરચેઈઝ પ્રાઈસ એડજસ્ટમેન્ટના સૂત્રમાં આંશિક ફેરફાર સૂચવેલ છે.

**સૂચનો/ વાંધાઓ રજૂ કરવાની માર્ગ દર્શિકા:**

ઉપરોકત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) નિયમન ૨૦૦૪ તેમજ (ટર્મ્સ એન્ડ કમિશન્સ ઓફ ટેરીફ નિયમન–૨૦૦૫) જોગવાઈની રૂએ આથી સબંધીત વ્યકિતઓ/ સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સૂચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં ઉપર મુજબના સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને તા.**૦૮.૦૨.૨૦૧૦** સુધીમાં મોકલી આપવા જણાવવામાં અવે છે. સૂચનો/ વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજૂઆતો સાથે સબંધીત પ્રમાણભૂત દસ્તાવેજો પણ રજૂ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદ્દા પંમાણે સોગંદનામું કરીને પૂરી પાડવાની રહેશે. જેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે :**

સદર દરખાસ્તની નકલ **ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,** રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફીસ, વિસનગર રોડ, મહેસાણાની વડી કચેરીમાંથી મહાપ્રબંધક (નાણાં અને હિસાબ) પાસેથી અથવા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વિશેષ મુખ્ય ઈજનેર/ અધિક્ષક ઈજનેરની, વર્તુળ કચેરીઓમાંથી, જરૂરી નાણાં ભરપાઈ કરવાથી મળી શકશે. સબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા.૧૫૦/– પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.
ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા.૫૦/– (રૂા.પચાસ પુરા) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી **ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા** ના નામે મોકલવાના રહેશે.

ઉપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઈટ www.guvnl.com તથા www.ugvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

**તારીખ : ૦૭/૦૧/૨૦૧૦** — **ઉત્તર ગુજરાત વીજ કંપની લી. વતી,**

**સ્થળ : મહેસાણા** — **એ.કે.વર્મા, (મેનેજીંગ ડીરેકટર)**